સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સાલ તો દીધી, લાલ આંખ પણ બતાડવી પડશે!
લડાકુ વિમાનની પાંખ પણ બતાડવી પડશે!
માંખ ઉડાડવી પડશે સૈન્યની સહનશક્તિની -
બદલાયેલા તંત્રની સાખ પણ બેસાડવી પડશે!

હાઈકુ

ભેજાંના ગેપ!
આ વિકૃતોના રેપ -
- નો લાગ્યો ચેપ?!
(ગુજરાતમાં પણ શરૂ?!)

લ્યો! ગુજરાત -
અક્સ્માતોત્સવે પણ, -
નંબર વન!!
(રોજના ૭૨..)

ચિંતન

અકારણ આવિષ્કૃત વૈરદારૂણાઃ ॥

અકારણ, વિના કારણ, ખલ વૃત્તિના માણસો નિર્દોષ જન માટે ભયંકર દુશ્મનાવટ કરી વેરી બને છે.

કેટલાંક માણસનો સ્વભાવ જ નકારાત્મક વિચારશ્રેણીનો હોય છે, એ વિના કારણ કોઇનું ખરાબ જ વિચારે છે, વહેમ અને શંકા એમની આંખમાં સદાય અંજનની જેમ રહેતાં હોય કોઇ પણ બાબતમાં એમની સારી બાજુ દેખાતી જ નથી. અકારણ વિરોધ કરવો, વાત સમજ્યા વિના જ 'નનૈયા' થી જ શરૂઆત કરવી એ જ એમનો સામાન્ય વિચાર અને વ્યવહાર હોય છે.

કેટલાક નિર્દોષ વ્યક્તિ પોતાની આર્થિક-સામાજિક વહેવાર તદ્દન સ્વતંત્ર અને સરળ રીતે ચલાવતા હોય છે. કોઇને નૂકશાન ન થાય એ એમની દૃષ્ટિમાં પ્રથમ જ હોય છે છતાં દુષ્ટ વ્યક્તિને એ ગમતું નથી - 'મને કેમ ન કહ્યું' - 'મને કેમ ન પૂછ્યું' આ અહમ્ તેમને ખૂંચતો હોય છે એટલે તે આવા નિર્દોષ-સરળ વ્યક્તિને વિના કારણ પીડતા હોય છે.

સંસ્કૃતમાં એક સુભાષિત છે, માછલી-હરણ-સજ્જન કોઇને પીડતાં નથી છતાં માછીમાર-શિકારી-દુષ્ટ તેમનો વિના કારણ શિકાર કરે છે.

સુવિચાર

- પ્રયત્ન દેવની જેમ છે, જ્યારે ભાગ્ય દાનવની જેમ. એવામાં પ્રયત્ન દેવની ઉપાસના જ શ્રેષ્ઠ છે **- ગુરૂ રામદાસ**
- ભક્તિ એટલે વિચારોનાં દોડતા બેફામ ઘોડાની લગામ 'ભક્તિ એટલે જીવનને સંયમી સંસ્કારી બનાવવાનું ઉત્તમ સાધન' **- હિતોપદેશ**
- મનની બદલાયેલી વૃત્તિ માનવીના ચારિત્ર્ય ટેવ અને જીવન બદલી શકે છે **- જેમ્સ એલન**
- ત્રિપુટી જેને વળગી રહેવું, વિશ્વાસ, ઐક્ય અને બલિદાન.., ત્રિપુટી જેને કેળવી શકાય, વિશ્વપ્રેમ, ક્ષમા અને ધૈર્ય **- મુનિ ભાનુચંદ્ર**
- જે કર્મમાંથી વધુમાં વધુ લોકોને આનંદ મળે તે કર્મ સર્વોત્તમ ગણવું **- સંત ફ્રાન્સીસ**
- પરાજય ક્ષણિક છે, તેને સનાનત બનાવે છે હતાશા **- પૂજ્ય મોટા**
- જ્ઞાનનું લક્ષ્ય સત્ય છે અને સત્ય આત્માની ભૂખ છે **- રજનીશ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજ તો અકસ્માતમાં મરે તો ય સરકાર પાસે વળતરની અપેક્ષા! અરે પોતાના પાપે, દારૂના વ્યસનથી ઝેરી દારૂથી મરે-આંધળા થાય તો પણ સરકાર પાસેથી લેવાની જ અપેક્ષા! મફત મેળવવાની મેલી વૃત્તિ..

રવિશંકર મહારાજ એક પછાત નાનાં ગામડામાં આદિવાસી વસ્તીમાં ગોળ વેંચતા હતા. એક નાની બાળકી ત્યાં બહેનપણી સાથે આવી હતી પણ એણે ગોળ લેવાની 'ના' પાડી - મહારાજે પુછ્યું કેમ, ગોળ લેવાની ના કેમ પાડે છે?

એ છોકરી તો કંઇ જ ન બોલી પણ એની બહેનપણી એ કહ્યું એની મા વિધવા છે ને લાકડાં કાપવાં જાય છે!

સાંજે મહારાજ એ દિકરીની આંગળી પકડી એની ઝૂંપડીએ ગયા - એની મા ને વાત કરી - તમારી દીકરી એ ગોળ ન લીધો.

વિધવા એ કહ્યું, હા, મેં જ એને શિખવ્યું છે મફતનું કોઇનું કંઇ ન લેવું હું મહેનત કરું છું બરાબર ચાલે છે - જેને જરૂર હોય એને મળી રહે ને! અમે લઇએ પછી દાનત બગડે-મફતની ટેવ પડી જાય!

રવિશંકરે વિધવાની આ ઉમદા ભાવનાને મનોમન વંદન કર્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

અમૃતવાણીના સર્જકોએ રચેલી અમૃતવાણીનું રસપાન

ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

"આપણે પ્રેમ કરવાનું આપણા હાથમાં રાખવાનું છે અને વેર લેવાનું ઇશ્વર ઉપર છોડવાનું છે" - શ્રીરંગ અવધૂત

ક્યારેક મારા વાચકો મનોમન પ્રશ્ન કરતાં હશે કે ચેતનાનો સમય કોલમમાં તેના લેખક કેટલીક વાચકોમાં ચેતના જગવતી વાતો કરે છે તો પોતે પોતાનામાં ચેતના જગાવ્યા વગર બીજાનામાં ચેતના જગવવાની વાતો તો કરતાં નહિં હોય? મારો જવાબ એ છે કે હું જે કાંઇ આવી વાતો કરું છું એ મારા પોતાના માટે કરું છું. મારામાં જે કોઇ અવગુણઓ છે, દોષો છે ખામીઓ છે એ બધું મારા પોતાનામાંથી દૂર કરવાના પ્રયત્નરૂપે મારી ચેતનાનો સમય કોલમમાં વાતો લખું છું. હું પ્રથમ મારામાં ડોકીયું કરું છું અને જે જે બાબતોમાં ડોકીયું કરું છું એ જ વાતો કરીને મારા પોતાનામાં ચેતના જગવવાનો હું પ્રયત્ન કરુ છું. પોતાની જાતને સુધાર્યા વગર બીજાને સુધારવા માટે ચેતનાના સંદેશા વહેવડાવે તો તેની કોઇ અસર થવાની નથી. એટલે મારી જાતમાં, મારા સ્વભામાં, મારા વ્યવહારોમાં મારા વાણી-વર્તન-વ્યવહારમાં જ્યાં પણ જ્યારે પણ ખામી જણાય તો એ ખામીના બચાવરૂપે સામી વ્યક્તિને જવાબદાર ગણું તેના બદલે મારા પોતાનામાં રહેલ ખામીઓ, દોષો, અવગુણો દૂર કરું એવી એક ચેતના મારા પોતાનામાં પ્રથમ જાગે એવા પ્રયત્નો - વિચારોનું વલોણું ચેતનાના સમયની કોલમમાં વ્યક્ત કરૂં છું. અર્થાત દરેક માનવીએ આવું જ કાંઇક વલોણું પોતાની જાત માટે કરતા રહેવું જોઇએ. માનવ જાતના કલ્યાણ માટે, માનવજાતના ઉદ્ધાર માટે, માનવજાતમાં ચેતના જગવવા માટે મહાનસંતો, ઋષિમુનિઓ, ધર્માત્માઓ, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો તત્ત્વજ્ઞાનીઓએ જે કાંઇ વાતો કરી છે. જે કાંઇ અમૃતવાણી વહેવડાવી છે એ અમૃતવાણીનું રસપાન કરવા માટે જ્ઞાનના મહાસાગર સમાન ગ્રંથાલયોમાં જ્ઞાનના ભંડારોને ફ્ફોળવા પડે છે. તેમાંથી હું પોતે આ અમૃતવાણીઓનું રસપાન કરું છું અને આ અમૃતવાણીનું રસપાન કરવા દરેક આમ આદમી કે સામાન્ય માનવી ગ્રંથાલયોમાં જઇ શકતો ના હોય ત્યારે તેવા લોકો માટે સરળ ભાષામાં આ તમામ અમૃતવાણીનું વલોણું કરી મલાઇદાર અમૃતવાણી તારવીને ચેતનાના સમયની કોલમમાં લખું છું એક વ્યક્તિ વાંચીને બીજી દસ વ્યક્તિને આ વલોણાની વાત કરશે તો ગાંધીનગર સમાચારના તંત્રી - ગાંધીનગર સમાચારનો પરિવાર આનંદ અનુભવે છે. આજે થોડીક મલાઇદાર અમૃતવાણીનું રસપાન હું પોતે પહેલાં કરું છું અને બીજાને કરાવું છું. આપણા ઉપનિષદોમાં તૈતરીય ઉપનિષદમાં જે વાત કરી છે તે સમજવા જેવી છે. વિદ્યાપીઠો અર્થાત્ યુનિવર્સિટીઓમાંથી ભણીને પદવી મેળવનારા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરે ત્યારે વિદ્યાપીઠના વડા દિક્ષા પ્રવચન કરે છે પદવી લેનારા વિદ્યાર્થીઓને તેમના જીવનમાં, પોતાના કુટુંબ માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે કલ્યાણમય એવી અમૃતવાણીનું રસપાન વિદ્યાપીઠના વડા કરે છે.

- હે વત્સ, તારા જીવનમાં સુખ શાંતિ માટે, તારા પરિવારના સુખશાંતિ માટે, સમાજમાં સુખ શાંતિ માટે આટલી વાતો યાદ રાખજે.

- હે વત્સ, જીવનમાં એવા કેટલાયે પ્રસંગો, ઘટનાઓ ઊભી થશે ત્યારે ડગ્યા વગર હંમેશા સત્યને વળગી રહેજે.

- હે વત્સ સારો પોતાનો જીવનધર્મ, પરિવારધર્મ, રાજધર્મ, સમાજધર્મ આચરવામાં કોઇ પણ અડચણ આવે, વિકટ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ડગ્યા વગર સ્થિતપ્રજ્ઞ બનીને તારો ધર્મ તારી ફરજ બજાવશે.

- હે વત્સ, જ્યારે પણ શુભ કર્મો કરવાનો મોકો મળે ત્યારે આળસ કર્યા વગર શુભ કર્મો મારે તારી જાતને ઘસી નાખજે. તારા માતાપિતાને દેવસમાન ગણીને તેની પૂજા કરજે, તેઓનું સન્માન કરજે. તેઓના આત્માને આઘાત પહોંચે તેવા વાણી-વર્તન-વ્યવહાર કરીશ નહિં.

- હે વત્સ, જીવનમાં હંમેશા સત્કર્મો કરતો રહેજે અને દુષ્કર્મો કરવામાંથી દૂર રહેજે. તારા પિતૃઓના આત્માને શાંતિ મળે, તેઓ ખુશ થાય, તેઓના આશિર્વાદ મળે તે માટે હંમેશા સત્કર્મોવાળું જીવન જીવશે.

- હે વત્સ, તું કદી સફળતા માટે, તારી આર્થિક તાકાત માટે મનમાં ઘમંડ કે અભિમાન કરીશ નહિં.

- હે વત્સ, તું હંમેશા જ્ઞાનની ભૂખવાળો રહેજે જ્યાંથી પણ જ્ઞાનરૂપી પ્રકાશ મળે ત્યાંથી મેળવતો રહેજે.

- હે વત્સ, તું હંમેશા આશાવાદી રહેજે. નિરાશાવાદી બનતો નહિ. તકલીફો આવે તો નિરાશ થયા વગર હિંમત રાખી મનોબળ મજબુત બનાવી તકલીફોમાંથી બહાર નીકળવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરતો રહેજે.

- હે વત્સ, તું કદી અનાજ-પાણીનો કદી બગાડ કરતો નહિ. ભોજન કરતી વખતે કદી પણ ભોજનની નિંદા કરતો નથી.

- હે વત્સ, તું રોજ રાત્રે સૂતાં પહેલાં તે આખા દિવસ દરમિયાન કરવા જેવી સારા કામો કેટલા કર્યા નહિ કરવા જ્યા ખરાબ કામો કેટલા કર્યા તેનો હિસાબ કરજે. પછી ઇશ્વરને પ્રાર્થના કરી કહેજે. મારાથી આટલાં ખરાબકામો, ખરાબ-વાણી-વર્તન-વ્યવહાર થયાં છે તો મને માફ કરજે અને આવતીકાલે આવાં નઠારાં કામો-નઠારા વાણી-વર્તન-વ્યવહાર ના થાય તે માટે મારામાં પ્રેરણા જગવી ચેતના જગાવજે.

ઋષભદેવ કરીને એક રાજા થઇ ગયેલો. તેમણે રાજપાટ, વૈભવ છોડીને સન્યાસ લઇને રાજમહેલ છોડીને નીકળી પડ્યા ત્યારે તેના પુત્રોને જે ઉપદેશ આપતા ગયા તે મારે - તમારે સહુએ પ્રેરણા લેવા જેવા છે. ઋષભદેવે કહ્યું હતું કે તમારું અંતઃકરણ હંમેશા શુદ્ધ રાખજો. તમે હંમેશા સત્યરૂપ બની રહેજો. તમારો સ્વભાવ શાંત રાખજો, કદી ક્રોધ કરતાં નહિં. તમારા ચિત્તને હંમેશા શુદ્ધ રાખજો. દરેકને માટે હંમેશા સમદૃષ્ટિ કેળવતા શીખજો. જીવનમાં જરૂર હોય તેટલું જ ભોગ કરજો. સમદુઃખમાં સ્વસ્થતા કેળવજો. ખોટી તૃષ્ણામાં જીવનને વેડફી નાખતા નહિ. પ્રાણી માત્ર માટે દયા રાખજો. આ દેહ, આ સંપત્તિ મારાં જ છે એવો ભાવ તજીને આ તો ઇશ્વરે આપેલી બક્ષીસ છે એટલે તેનો ખરો માલિક તો ઇશ્વર છે તેમ માનીને તેનો સદ્ઉપયોગ કરજે. તમારી વાણીમાં મધૂરતા રાખજો. વાણીનો વેડફાટ કરતાં નહિ. તમે હંમેશા કર્મશીલ બનીને જીવન જીવજો. તમારા આત્મામાં ડોકીયું કરીને તમારી જાતને ઢંઢોળતા રહેજો. તમારા જીવનમાંથી આળસને તિલાંજલી આપજો.

શ્રી રંગઅવધૂતે કહ્યું છે કે આપણે પ્રેમ કરવાનું આપણા હાથમાં રાખવાનું છે અને વેર લેવાનું કામ ઇશ્વર ઉપર છોડવાનું છે પ્રેમ એ તો ઇશ્વરની ભેટ ગણાય. આવી ભેટ પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી ગણાય. (શું તમે એવા ભાગ્યશાળી બન્યા છો?)

તામિલનાડુના સંત કવિશ્રી તિરૂવલ્લુવરે રચેલા મંત્રોને તામિલવેદ તરીકે ઓળખવામાં ।।વે છે. જેમાં ગૃહસ્થ માટે પાંચ જાતના કર્તવ્યોનો નિર્દેશ કરેલ છે.

- પહેલું કર્તવ્ય છે પિતૃસેવા, માતાપિતાની ખૂબ સેવા કરનારો સાચો ગૃહસ્થી છે. - બીજું દેવોની સેવા - પોતાના આરાધ્ય દેવોની પૂજા અર્ચના કરો, આમ કરનાર સાચો ગૃહસ્થી ગણાય છે. - ત્રીજું અતિથિ દેવો ભવ એ સૂત્ર યાદ રાખી અતિથિઓનો હંમેશા આદર સત્કાર કરજે તેની સેવા કરજે તો જ સાચો ગૃહસ્થી ગણાશે. - ચોથું તારા પરિવારની રક્ષા અને સેવા કરજે. તેની સાથે સારો વ્યવહાર રાખજે. તેઓને દુઃખ પહોંચે તેવા વાણી-વર્તન-વ્યવહાર કદી કરતો નહિં. - પાંચમું - તારા આત્માના ઉદ્ધાર માટે તારું જીવન હંમેશા પ્રવૃત્તિમય રાખજે. ભોજન લેતાં પહેલાં થોડુંક અન્નદાન કરજે. તારા સંતાનોને સારા સંસ્કારોનું સિંચન કરજે. તારી સંપત્તિનો સદ્ઉપયોગ કરજે. બીજાના દોષો જોવામાંથી દૂર રહેજે અને તારા દોષોને દૂર કરજે.

ભગવતીચરણ શર્મા કહે છે કે જેને તમે સાચા દિલથી પ્રેમ કરતાં હો તેમાંથી કાંઇ વાત છુપાવવી નહિં.

છેલ્લે આપણે મહાત્મા ગાંધીજીએ આપણા પુરૂષપ્રધાન સમાજ માટે જે અમૃતવાણી કહી છે તે જોઇએ "પત્ની એ પતિની દાસી કે ગુલામ નથી. પરંતુ તેની સહચારિણી છે બંને એકબીજાના સુખદુઃખના સરખા ભાગીદાર છે અને જેટલી સ્વતંત્રતા સારું કે ખરાબ કરવાની પતિને છે તેટલી જ સ્વતંત્રતા પત્નીને પણ છે!"

ભારતમાં હજારો વર્ષોથી જે ધર્મે તેના સંસ્કાર જાળવી રાખ્યા છે તેવા હિંદુ ધર્મે, દેશ પર આક્રમણ કરીને આવેલા કોઇપણ ધર્મના લોકો જે અહીં સ્થિર થવા અને રાજ્ય કરવા આવ્યા, તેમને અપનાવી લીધા

પરિવર્તન અને પ્રજાની માંગ

- સી.એલ.પટેલ

ભારત દેશ કેટલાંય બલિદાનો બાદ આઝાદ દેશ બન્યો. આઝાદીના સંગ્રામમાં કોંગ્રેસ પક્ષે ઘણી મોટી લડત આપી. લોકોએ કોંગ્રેસના નેતૃત્વમાં સંગઠિત બનીને આ દેશમાંથી અંગ્રેજોને વિદાય આપી. આઝાદ બનતાંની સાથે જ બ્રિટિશ ભારતના બે દેશોમાં ભાગલા પડ્યાઃ પાકિસ્તાન અને ભારત. ભારતમાં હજારો વર્ષોથી જે ધર્મે તેના સંસ્કાર જાળવી રાખ્યા છે તેવા હિંદુ ધર્મે, દેશ પર આક્રમણ કરીને આવેલા કોઇપણ ધર્મના લોકો જે અહીં સ્થિર થવા અને રાજ્ય કરવા આવ્યા, તેમને અપનાવી લીધા; પરંતુ દેશની કમનસીબી છે કે, હિંદુસ્તાનના ભાગલા પછી પાકિસ્તાનનો ઉદ્ભવ થતાંની સાથે જ ધાર્મિક લાગણી ઉશ્કેરીને દેશની શાંતિમાં ખલેલ પહોંચાડાતી રહી. એક બાજુ, ગાંધીજીએ કોંગ્રેસીઓને હાકલ કરી હતી કે આપણે સ્વતંત્રતાની લડતમાં જે પ્રાપ્ત કરવાનું હતું તે પ્રાપ્ત કરી શક્યા છીએ. હવે હરેક કોંગ્રેસીની એ ફરજ બને છે કે તેણે ગામડે ગામડે પહોંચી જઇને ગ્રામીણ જનતા એટલે કે આ દેશના નાગરિકોમાં સ્વતંત્રતાની સાચી સમજ પેદા કરવી, જેથી રાષ્ટ્રપ્રેમ સાથે તેઓ વિકાસની તકો મેળવીને વિકાસ કરી શકે. ગાંધીજીની હાકલને આઝાદીના સંગ્રામમાં બધા કોંગ્રેસીઓએ બરાબર સાંભળીને પૂરેપૂરો સહકાર આપ્યો હતો, પરંતુ આઝાદી બાદ જેઓ સત્તાલાલચુ હતા અને જેઓનું મન સેવાને બદલે સત્તા મેળવવાની લાલસામાં હતું, તેવા રાજકીય નેતાઓએ પણ પાકિસ્તાનની જેમ જ ધાર્મિક લાગણી ઉશ્કેરીને તેમને હંમેશા દેશના બીજા ધર્મોથી અલગ પાડીને મતો મેળવવાનું રાજકારણ ખેલવાનું ચાલુ રાખ્યું. સેવાને બદલે સત્તા મારફતે નાણાં કમાવાનું અને વંશવાદને પોષવાનું ચાલુ રાખી તેમણે છેલ્લાં ૬૭ વર્ષથી આ દેશને છિન્નભિન્ન કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી. આ દેશના હિતચિંતક અને સેવાને વરેલા માણસો એક તરફ હડસેલાઇ ગયા. દેશના વિકાસ માટે જે કાંઇ કરવાનું હોય તેને બદલે પોતાના અને કુટુંબના વિકાસની જ ચિંતા રાખીને દેશના વિકાસમાં વાપરવા જોઇતા અબજો રૂપિયા વ્યક્તિવિશેષ અને પોતાના કુટુંબ માટે વાપરવા આવાં નાણાં વિદેશી બેંકોમાં જમા કરાવ્યાં. જરૂરી વિકાસ નહીં થતાં દેશમાં કોઇ દેશહિતચિંતક પેદા થાય તેવું છેલ્લાં પાંચ વર્ષથી પ્રત્યેક નાગરિક વિચારતો હતો. તેમાંય ૪૦ ટકા નાગરિકો યુવાપેઢીના હોય ત્યારે તેઓ પોતાનો અને દેશનો વિકાસ થાય તેવું ઇચ્છે તે અસ્થાને ના ગણાય.

એટલે જ છેલ્લી ત્રણ મુદતથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની આગેવાની લઇને મુખ્યમંત્રીપદ સુધી પહોંચનાર શ્રી નરેન્દ્રભાઇ મોદી આવું કાંઇક કરી શકશે તેવી પ્રતીતિ નાગરિકો અને યુવાનોને થઇ હતી. ગુજરાતની વિકાસયાત્રા 'સૌનો સાથ, સૌનો વિકાસ'થી ભારતીય જનતા પક્ષના મોભીઓ પ્રભાવિત હતા. ભાજપના પ્રમુખશ્રી રાજનાથ સિંહે આ બાહોશ રાજકીય નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીની કથની અને કરની એક જ હોવાનું પારખી લીધું અને ૨૦૧૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તેમને ભારત દેશના ભાવિ વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કર્યા. શ્રી નરેન્દ્રભાઇ મોદી પોતાની વાક્છટાથી દેશ પર છવાયા. તેમના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની ગાથા તથા તેઓ વંશવાદ સિવાયના શાસનકર્તા હોઇ તેમના માટે કોઇ વિરોધાભાસ નહોતો. સારાય દેશની પ્રજાએ તેમના બોલવામાં વિશ્વાસ મૂક્યો અને આઝાદી પછી સૌ પ્રથમ વખત ભાજપને લોકસભામાં સ્પષ્ટ બહુમતી આપી.

પ્રજાને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વાસ રાખવા જે વચનો આપ્યાં તે વચનોને લઇને પ્રજાએ તેમનામાં વિશ્વાસ મૂક્યો હોય ત્યારે તેમની પહેલી ફરજ આ દેશનો ૪૦ ટકા યુવાવર્ગ બેકાર ના રહે અને તેને યોગ્ય શિક્ષણ સાથે કામકાજ મળે તે માટે પૂરતું ધ્યાન આપવાની છે. બધાં ક્ષેત્રમાં મહિલાઓની જ્યારે ૩૩ ટકાની ભાગીદારી હોય ત્યારે મહિલા ઉત્કર્ષમાં શરૂઆતથી ધ્યાન અપાય. દેશના ગૃહમંત્રી થકી પોલીસ-સીઆરપીએફ વગેરે દેશનાં રક્ષક બને અને કાયદાની જાળવણી રાખે. કાયદાને એક બાજુ મૂકી પોલીસતંત્ર રક્ષકને બદલે ભક્ષક ના બને તેની કાળજી રાખે.

આ દેશમાં જે રાજ્યો પ્રગતિશીલ છે ત્યાં પ્રોફેશનલ કોલેજીસ જેવી કે એન્જિનિયરિંગ, ફાર્મસી, એમસીએ, એમબીએ જેવી સંસ્થાઓ સ્થપાઇ ગઇ છે. કોઇપણ રાજ્યમાં આવી સંસ્થાઓ સ્થપાય ત્યાર પહેલાં રાજ્યના શિક્ષણ અને ઉદ્યોગમંત્રીએ સાથે બેસીને જે યુવાનો આ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેમના માટે રાજ્યમાં રોજગાર મેળવવા માટે કેટલી તક રહેલી છે તે જોવું જરૂરી છે. રાજ્યમાં સ્થપાનાર ઉદ્યોગોને ઉદ્યોગ સ્થાપવાની પરવાનગી આપતી વખતે જે તે પ્રદેશના કેટલા લોકોને તે રોજી આપી શકે તેની શરૂઆતથી જ બાંહેધરી લઇને આવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીન અને બીજી સગવડ આપવી જોઇએ. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ માટે ઝોન પ્રમાણે આઇટીઆઇ અને આઇટીસી જેવી સંસ્થાઓ સ્થાપીને કુશળ કારીગરો તૈયાર કરવા. આ રીતે ઉદ્યોગોને શરૂઆતથી કુશળ કારીગર મળે અને તેનું ઉત્પાદન ગુણવત્તા અને પ્રમાણ (ક્વોન્ટિટી)ની દૃષ્ટિએ સારું થાય, જેથી ઉદ્યોગના વિકાસ માટે સુગમતા રહે. સરકારે આવા તૈયાર થતા કુશળ કારીગરોને ઉદ્યોગોમાં સ્થાન આપવામાં અગ્રીમતા રહે તેવી વ્યવસ્થા ગોઠવવી. ભારત દેશના માનવ સંસાધન વિભાગની જવાબદારી સંભાળતાં પ્રધાનની ફરજ બને છે કે તેમના નેજા હેઠળ રચાયેલી એઆઇસીટીઇ, યુજીસી, મેડિકલ કાઉન્સિલ, ફાર્મસી કાઉન્સિલ, આર્કિટેક્ચર કાઉન્સિલ વગેરેનાં ધારાધોરણો સચવાય અને જે અભ્યાસક્રમ માટે મંજૂરી મળે તેવા અભ્યાસક્રમો માટે ૨૧મી સદીને અનુરૂપ માળખાકીય અને બીજી તમામ સવગડો પ્રાપ્ત હોય. હવે તો જે સંસ્થાઓ આ બાબતમાં ઊણી ઊતરે તેવી સંસ્થાઓને બંધ કરી ત્યાં આઇટીસી અને આઈટીઆઈ જેવી સંસ્થાઓ થાય, જેથી કરીને દેશના ઉદ્યોગો, જાહેર સાહસો અને દવાખાનાંને જરૂરીયાત હોય તેવા કર્મચારીઓ પ્રાપ્ય થાય તેવી એક નૂતન સફર શરૂ કરવાની જરૂરીયાત છે અને એ આજની માંગ છે.

'કરકસર બીજો ભાઈ છે'- સૂત્રને સન્માન આપતા ઉદ્યોગ પુરુષ શ્રી ભૂપેન્દ્રભાઈ વેકરીયા

મોંઘેરા મોતી

નટવર આહલપરા



હૃદયની બે મહાન શક્તિ પ્રેમ અને શ્રદ્ધા...!

- સ્વામી સચ્ચિદાનંદ

ઉપરોક્ત બુલંદ વિચારોને જાણે સમર્થન આપતા હોય તેમ શ્રી ભૂપેન્દ્રભી કહે છેઃ 'મારા જીવનની એક યાદગાર ઘટના જે અવિસ્મરણીય છે. ચારધામની યાત્રા વખતે પહાડી મોસમને કારણે અને તોફાનમાં મારા કુટુંબના નાના-મોટા સભ્ય વિખુટા પડી ગયા હતા. બધાં ક્યાં, કેવી રીતે ભેગા થયું તેની કલ્પના પણ કરી શકાય તેમ ન હતી. જ્યારે બધાં મંદિરમાં એકઠા મળી ગયાં ત્યારે એક એવી અદૃશ્ય શક્તિની પ્રતીતિ થઈ કે જેને આપણે ઈશ્વર કહીએ છીએ. આ પ્રસંગ હું ક્યારેય ભૂલી નહીં શકું! ખરેખર ધરતી પરનું સ્વર્ગ માત્રને માત્ર ચારધામ જ છે..!'

પિતાશ્રી શામજીભાઈ અને માતા સવિતાબેનના સુપુત્ર ભૂપેન્દ્રભાઈ તા. ૬-૭-૧૯૬૩ના રોજ રાજકોટમાં જન્મ્યા. પણ મૂળ વતન જામનગર પાસેનું પસાયા બેરાની ગામ છે. ૧૯૯૧ કેશોદ મુકામે ધર્મપત્ની લીનાબેન સાથે પરિણય યાત્રાનો પ્રારંભ કરનારા ઉદ્યોગપતિ શ્રી ભૂપેન્દ્રભાઈ બે પુત્રી અને એક પુત્રના પિતા છે. 'આજના યુગના પ્રગતિના મોટા પ્રેરક અને આવિષ્કાર જે મનુષ્ય જાતને વરદાન મળેલ છે? ઉપરોક્ત વિચારો કોમ્પ્યુટર યુગ માટે ભૂપેન્દ્રભાઈએ જરૂરીયાત પુરતું વાંચન કરતા ભૂપેન્દ્રભાઈ ટીવી. સિરિયલ જોવાનો સમય મળતો નથી. આસ્થા, ઉપવાસમાં શ્રદ્ધા ધરાવતા તેઓ જાતે પૂજા-પાઠ કરે છે. સ્વદેશમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં ઘૂમી વળેલા શ્રી ભૂપેન્દ્રભાઈ વિદેશમાં ગલ્ફમાં વિહર્યા છે. પદ્મનાભસ્વામી (વિષ્ણુ), થિરુવંથપુરમ, તિરૂપતિ, રામેશ્વર ચારધામ અને વૈષ્ણદેવી તિર્થારિનો પણ કર્યા છે.

જામનગરમાં ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ફેરટરી ઓનર્સ એસોસ., એન્જીનીયરીંગ એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, મુંબઈ, વિશ્વકર્મા એજ્યુ. ટ્રસ્ટ તથા ગુર્જર સુતાર કન્યા છાત્રાલય, રાજકોટની સંસ્થામાં બહુમૂલ્ય પ્રદાન આપતા શ્રી ભૂપેન્દ્રભાઈ ઈશ્વર, ગુરુ અને ગ્રંથો ઉપર અનન્ય વિશ્વાસ રાખે છે.

પ્રતિષ્ઠા, પ્રદર્શન કે સામાજિક કુરૂઢિઓનું ખંડન કરતા શ્રી ભૂપેન્દ્રભાઈએ પોતાની પીડા આ પ્રમાણે પ્રગટ કરી હતી 'લગ્ન પ્રસંગોમાં ખોટા ભપકા અને ભવ્ય ખર્ચાઓ જેવા કે મંડપ, લાઈટ, જમણવાર ઈત્યાદિ ખર્ચાઓ કરવાને બદલે કોઈ સામાજિક સંસ્થાઓને મેડિકલ, એજ્યુકેશનમાં સહાય કરી શકાય. ગરીબ દીકરીઓના લગ્નના ખર્ચ માટે ઉપયોગી થવું જોઈએ. મેં પણ મારા લગ્નમાં ખોટા ખર્ચાઓ કર્યા ન હતા.'

જેની જાહેરાત ન હોય તેને જ ગુપ્તદાન કહેવાય છે. આવા ઉમદા વિચારોના માલિક શ્રી ભૂપેન્દ્રભાઈ ઈશ્વર પરની આસ્થામાં, આત્મવિશ્વાસ માટે, દૃઢનિશ્ચય અને સખત પરિશ્રમ અર્થે સતત ચિંતન કરી રહ્યા છે અને તેને જે જીવન સ્વપ્નની ફલશ્રુતિ પછીનું ચિંતન માને છે. તેઓએ શુભેચ્છા ઉદ્ગાર વ્યક્તિ કરતા નોંધ્યું છે કે, 'વ્યક્તિ સૌરભના માધ્યમથી પરિચય કરવાનો અભિગમને ખૂબ ખૂબ આવકાર મળે એ જ શુભેચ્છા..'

વેકરીયા એન્જીનીયરીંગ વર્કસ પ્રાઈવેટ લિમિટેડના સૂત્રધાર શ્રી ભૂપેન્દ્રભાઈના વિચારો વધુને વધુ પ્રબળ બને અને સૌને ઉપકાર નિવડે તેવી શુભેચ્છાઓ. તેમના ફોન નં. ૦૨૮૮-૨૫૫૧૦૯૩/૨૫૫૨૦૯૩ અને ૨૫૫૬૨૯૩.